# અમ્પાયર (ક્રિકેટ)

અમ્પાયર એક અધિકારી છે જે નિયમોનો અમલ કરવા અને રમતમાં ઉદ્ભવતી બાબતો પર મધ્યસ્થી કરવા માટે રમત અથવા મેચને નજીકથી જુએ છે. અમ્પાયર રમતના કુલ સ્કોરને રેકોર્ડ કરવામાં અને મેચની કાર્યવાહી પર નજર રાખવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમને વિવિધ પ્રકારની શારીરિક પ્રવૃત્તિઓ ગમે છે
- તમને બહાર કામ કરવાનું ગમે છે
- તમે એક કુશળ સંવાદકર્તા છો
- તમે સહજ રીતે ટીમમાં કામ કરી શકો છો

આઇ.સી.સી. દ્વારા રજૂ કરવામાં આવતા ઓનલાઈન અમ્પાયરિંગ અભ્યાસક્રમ માટેની ફી આશરે **રૂ. ૧૦,૩૨૯ થી ૯૫,૦૨૦*** જેટલી હોય છે.

શારીરિક શિક્ષણમાં સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૭,૦૦૦ થી ૩૦,૦૦૦*** જેટલી છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ૧૦+૨ પૂર્ણ કરો.

૨. શારીરિક શિક્ષણ અથવા સંબંધિત વિષયમાં સ્નાતક (બી.પી.એજ્યુ.)ની ડિગ્રી મેળવો.

૩. તમારા રાજ્યના ક્રિકેટ એસોસિએશન સાથે તમારું નામ નોંધાવો.

૪. અમ્પાયર સર્ટિફિકેશન પરીક્ષામાં લાયકાત પ્રાપ્ત કરો. (બી.સી.સી.આઇ. સાથે અમ્પાયર બનવા માટે, તમારે પહેલા સ્થાનિક ક્રિકેટ મેચોમાં અમ્પાયરિંગ કરવું પડશે અને પછી બી.સી.સી.આઇ. લેવલ ૧ અને લેવલ ૨ પરીક્ષા પાસ કરવી પડશે.)

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

* અહી આપેલ આંકડા એન.સી.એસ.માંથી લેવામાં આવ્યા છે અને તે ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

અમ્પાયરનું અંદાજીત માસિક વેતન **રૂ. ૩૦,૦૦૦ થી ૪૦,૦૦૦*** જેટલું હોય છે. આ રકમ દરેક રમત મુજબ બદલાતી રહે છે.

સ્ત્રોત: https://www.republicworld.com/sports-news/cricket-news/bcci-introduces-a-category-for-umpires-salaries-for-indian-umpires-including-nitin-menon-revealed-articleshow.html

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** તમે કોર્પોરેટ મેચો, ઘરેલુ અથવા ક્લબ કક્ષાની મેચો અને આંતરરાષ્ટ્રીય મેચોમાં અમ્પાયરિંગ કરી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ :** તમારે હંમેશા બહાર કામ કરવું પડશે. આ કામગીરીમાં શારીરિક રીતે સક્રિય રહેવું પડશે. સમય સાનુકૂળ હોય છે અને તે મેચના સમયગાળા પર આધાર રાખે છે.

*આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

સહાયક અમ્પાયર → અમ્પાયર → આંતરરાષ્ટ્રીય અમ્પાયર અથવા એથલીટ (ક્રિકેટર) → અમ્પાયર → આંતરરાષ્ટ્રીય અમ્પાયર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

અમ્પાયર, અમ્પાયર જોબ્સ, ક્રિકેટ મેચ ઓફિશલ્સ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**સામાન્ય ડિગ્રી માટે, ભારતમાં તમે NAAC, NBA, BCI, MCI, DCI, PCI, UGC, AICTE વગેરે દ્વારા માન્યતા પ્રાપ્ત કોઈપણ કૉલેજ પસંદ કરી શકો છો. શારીરિક શિક્ષણમાં અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવતી કરતી કોલેજોની યાદી નીચે મુજબ છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. જાદવપુર યુનિવર્સિટી, કોલકાતા
૨. બનારસ હિન્દુ યુનિવર્સિટી, ઉત્તર પ્રદેશ
૩. એમ.એસ.યુ., વડોદરા
૪. સાવિત્રીબાઈ ફૂલે પુણે યુનિવર્સિટી
૫. બેંગલોર યુનિવર્સિટી, બેંગલુરૂ
૬. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી, ઉત્તર પ્રદેશ
૭. હિમાચલ પ્રદેશ યુનિવર્સિટી, શિમલા
૮. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા કૃપા કરીને તપાસ કરો કે શું સંસ્થા યુજીસી સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે.)

૧. નિરમા યુનિવર્સિટી, અમદાવાદ
૨. લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી, જલંધર
૩. ટ્રાન્સતાડિયા યુનિવર્સિટી, અમદાવાદ
૪. ડૉ. એમ.જી.આર. શૈક્ષણિક અને સંશોધન સંસ્થા, ચેન્નાઈ
૫. મણિપાલ યુનિવર્સિટી, જયપુર
૬. એન.આઇ.એમ.એસ. યુનિવર્સિટી, જયપુર
૭. હિન્દુસ્તાન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી એન્ડ સાયન્સ, ચેન્નાઈ
૮. સિંઘાનિયા યુનિવર્સિટી, તમિલનાડુ

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે – https://www.nirfindia.org/2022/Ranking.html

**ઓનલાઈન અભ્યાસક્રમો:**

- આઈ.સી.સી. સાયમન ટૉફેલ દ્વારા ડિઝાઇન કરાયેલ ઑનલાઇન અમ્પાયરિંગ કોર્સ ઉપલબ્ધ કરાવે છે: https://www.iccacademy.com/education-level/2
- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**શુભદા ભોસલે** ગાયકવાડ ભારતની સૌથી યુવા મહિલા અમ્પાયર છે. આ દરજ્જો પ્રાપ્ત કરતા પહેલા, વર્ષ ૨૦૦૯ સુધી તેણી મધ્યપ્રદેશ અન્ડર ૧૬ અને અન્ડર ૧૯ની ટીમમાં રમી હતી. તેણીએ શારીરિક શિક્ષણમાં સ્નાતક અને અનુસ્નાતકની પદવી હાંસલ કરી છે અને રમત મનોવિજ્ઞાનમાં પી.એચ.ડી. કર્યું છે. તે હવે ઝાબુઆના આદિવાસી બાળકોનું સશક્તિકરણ કરવા માટે કામ કરી રહી છે.*

સ્ત્રોત : https://femalecricket.com/women-cricket-news/21367-who-is-shubhda-bhosle-gaikwad-umpiring-in-legends-league-cricket.html

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.